ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુર એસ એન કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું



**છોટાઉદેપુર** : વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી નટવરસિંહજી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ એન્ડ શ્રી શાંતિલાલ ગોરધનદાસ પટેલ કોમર્સ કોલેજ, છોટાઉદેપુર ખાતે લાયબ્રેરી હોલમાં તા: ૨૦-૦૯-૨૦૨૪ ના રોજ વક્તત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ ક્રમે ફરહીન એફ. મીચલ અને દ્વિતીય ક્રમે સીમા એ. જુજારા વિજેતા જાહેર થયા હતા. જ્યારે તા: ૨૧-૦૯-૨૦૨૪ ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ ક્રમે મિતાલી એસ. ભોઈ અને દ્વિતીય ક્રમે મિતલ એફ. નાયકા વિજેતા જાહેર થયા હતા.

### છોટાઉદેપુર ડોન બોસ્કો હાઇસ્કૂલ ભૂતપુર્વ વિદ્યાર્થી સંઘ દ્વારા લીગ ફૂટબોલ ટુર્નામેન્ટ યોજાઈ



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લામા પ્રથમ વારલીગ ફુટ બોલ ટુર્નામેન્ટનું આયોજન ડોન બોસ્કોના માજી વિદ્યાર્થી સંઘ છોટાઉદેપુર દ્વારા આયોજીત કરવામાં આવ્યું હતું. છોટાઉદેપુર સુપર લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનું છોટાઉદેપુર જિલ્લામાં ફુટબોલની જનની એવી ડોન બોસ્કો છોટાઉદેપુર ખાતે 18 ઓગસ્ટ 2024ના રોજ શરૂઆત કરવામાં આવી હતી. જેમાં જુદી જુદી 10 ટીમમાં ટોટલ 200 જેટલા રમતવીરોએ ભાગ લીધો હતો. લીગ રાઉન્ડનું આયોજન દર રવિવારે કરવામાં આવતું હતું. રવિવાર દરમ્યાન 22 મેચના અંતે ફાઇનલ મેચ ટ્રાઈબલ ફૂટબોલ ક્લબ અને અંબાલા સીટી ફૂટબોલ કલબ વચ્ચે રમાઈ હતી.

### બોડેલીના ઉજ્જૈન કહેવાતા શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાદેવનો ભવ્ય લઘુરુદ્રાભિષેક યોજાયો



**બોડેલી** : બોડેલી એટલે ધર્મ પ્રેમી નગરી જ્યાં દરેક ધર્મના લોકો પોતાના ધર્મ સાથે ખૂબ જ ઊંડાણ સુધી સંકળાયેલા રહે છે બોડેલી ના ઉજ્જૈન કહેવાતા શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાદ્ધ માસ ની તેરસ તિથિ નિમિત્તે દેવાધીદેવ મહાદેવનો ભવ્ય લઘુરુદ્રાભિષેક યોજાયો હતો ત્યારે મોટી સંખ્યામાં દેવાધિદેવ મહાદેવના ભક્તોએ ઉપસ્થિત રહી મહાદેવજીની પૂજા અર્ચના કરી કેળા, સફરજન, જામફળ, જેવા ફળો તથા શાકભાજી વિગેરે જેવા ફળફળાદી મહાદેવજીને અર્પણ કરી દૂધ,ઘી,મધ, કેસર થી મહાદેવ નો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી.

### સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સંખેડામાં 'જંતુનાશક દવા છંટકાવ' કાર્યક્રમ યોજાયો




**સંખેડા** : ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સલગ્ન આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં 'સ્વચ્છતા હિ સેવા અભિયાન' અંતર્ગત સ્વચ્છતા માટે એન.એસ.એસ.સ્વયંસેવકો દ્વારા કોલેજ કેમ્પસ તથા મેદાન અને કોલેજ બહારના રસ્તાઓમાં જ્યાં પાણી ભરેલા હતા તેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.જેમાં અધ્યાપક મિત્રો અને આચાર્ય પણ જોડાયા હતા.તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો.પી.આર.શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

### ડભોઇ નગરની વૈષ્ણવ હવેલીઓમાં શ્રાદ્ધ પક્ષે સાંજીના દર્શન થશે



**ડભોઇ** : ડભોઇ નગરની વૈષ્ણવ હવેલીઓમાં દરરોજ સાંજે સાજીના દર્શન છેલ્લા ત્રણ દિવસ થશે. શ્રાદ્ધપક્ષ ચાલતો હોવાથી નિત નવી સાંજી ભક્તજનો દ્વારા મંદિરના ચોકમાં બનાવવામાં આવે છે. આજ રોજ રંગોળીની સાજી બનાવવામાં આવી હતી. ગતરોજ ફૂલોની સાજી ના દર્શન થયા હતા છેલ્લા દિવસે એટલે કે બુધવારના રોજ અનાજ કઠોળની સાંજીના દર્શન સાંજે થશે. ડભોઇ એટલે દર્ભાવતિ નગરી તરીકે વર્ષોથી ઓળખાય છે. આ નગરીમાં 3 વૈષ્ણવ હવેલીઓ આવેલી હોવાથી વૈષ્ણવોની નગરી તરીકે પણ પ્રખ્યાત છે. આ નગરીમાં વિવિધ વિસ્તારોમાં વૈષ્ણવોના મંદિરો આવેલા છે. શ્રાદ્ધપક્ષમાં દરરોજ મોડી સાંજે વૈષ્ણવો હવેલીઓમાં સાંજીના અલગ અલગ દર્શન થાય છે તે કરવા માટે ઉમટી પડે છે.

---

### સિમલ ફળિયામાં રેતી નહિ ભરવાની કહેતા મારામારી થતાં પોલીસ ફરિયાદ નોધાઇ

# ઓરસંગ નદીમાંથી અધધ રેતી ખનન

**લીઝની** ફાળવણી ના કરી હોય તેવી જગ્યા ઉપરથી પણ દિવસ રાત રેતીના ટ્રેક્ટરો ભરતા હોવાથી બોલાચાલી થતા મામલો બિચક્યો



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.1

છોટાઉદેપુર તાલુકાના સીમલ ફળિયા ગામ પાસે ઓરસંગ નદી કિનારે બેફામ રેતી ખનન થઇ રહ્યું છે. ધોળા દિવસે ટ્રેકટરો મારફતે રેતી ઉલેચવા માં આવી રહી છે. લીઝ ની ફાળવણી ના કરી હોય તેવી જગ્યા ઉપરથી પણ દિવસ રાત રેતીના ટ્રેકટરો ભરાઈ રહ્યાં છે. જ્યારે આ રેતી માફિયા ઓને રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ ગયુ હોય તેવું નરી આંખે દેખાઈ રહ્યુ છે. જે બેફામ ચોરાતી રેતી સામાન્ય વ્યક્તિ માટે ભારે મુસીબત રૂપ સાબિત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે તા ૨૮-૦૯-૨૪ ના સાંજના ઓરસંગ નદીમાં નરેશભાઈ મોરમાંભાઈ રાઠવા નું ટ્રેકટર પાધરવાંટ ગામે રેતી ભરવા માટે ઉભુ રાખેલ હોય તે સમયે રણછોડભાઈ વેલિયાભાઈ નાયકા એ નરેશભાઈ ને કીધું કે તમારે રેતી ભરવી હોય તો આગળ જઈ ને ભરજો અહીં રસ્તા ઉપરથી રેતી ભરતા નહિ. તે સમયે નરેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તું મને કહેવા વાળો કોણ? તેમ કહી રણછોડભાઈ વેલિયાભાઈ નાયકા ને ગાળો બોલી ગડદા પાટુ માર માર્યો હતો. મોઢા નાં ભાગે તથા ડાબી આંખે મુક્કા મારી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી જે અંગે ઈજા પહોંચતા રણછોડભાઈ વેલિયાભાઈ નાયકાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા અને ભારે તંગદીલી નો માહોલ સર્જાયો હતો. પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## સંખેડા અને બોડેલી ગામે રેતી ખનન કરતા પાંચ ટ્રેક્ટરો ઝડપાયા



(પ્રતિનિધી) સંખેડા, તા.1

છોટાઉદેપુર જિલ્લામાં રેતી ખનન મુદ્દે તંત્ર હરકતમાં આવી ગયું છે. જ્યારે બિન અધિકૃત રેતી ખનન કરી કુદરતી ખનીજ સંપત્તિ નો વેપલો ચલાવતા રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા ખાણ ખનીજ અધિકારીની ટીમે બિન અધિકૃત રેતીનું ખોદકામ કરતા અને વહન કરતા બે દિવસમાં કુલ ૫ વાહનો ઝડપી પાડ્યા છે. અને રૂ. ૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે તંત્ર દ્વારા અચાનક સપાટો બોલાવવામાં આવતા સમગ્ર રેતી માફિયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી તેમજ આસપાસના કોતરોમાં બિન અધિકૃત રેતી ખનન પ્રક્રિયાએ માઝા મૂકી છે. ગેર કાયદેસર રેતીખનન કરતા ઈસમોએ ઓરસંગમાંથી મોટાભાગની રેતી ખલાસ કરી દીધી છે. ત્યારે તંત્ર દ્વારા રેતી માફિયાઓ ઉપર એક્શન લેવામાં આવી રહી છે. છેલ્લા બે દિવસમાં જિલ્લા ખાણ ખનીજ વિભાગે જિલ્લાના સંખેડા માંથી રેતી ખનન કરતા ત્રણ ટ્રેક્ટર અને બોડેલી મેરીયા પુલ વિસ્તારમાંથી બે ટ્રેક્ટર એમ છેલ્લા બે દિવસમાં કુલ પાંચ વાહનો ઝડપી પાડયા હતા.

---

### શિનોર MGVCL દ્વારા વીજ પુરવઠો પૂર્વવત નહિ કરાતા નારાજગી

## શિનોરના દામાપુરામાં ભંડારેશ્વર મહાદેવના મંદિરે 10 દિવસથી અંધારપટ

(પ્રતિનિધી) શિનોર, તા.1

શિનોર નર્મદા નદીના કાંઠે અતિ પૌરાણિક ભંડારેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે.આ મંદિર સાથે અનેક ભાવિક ભક્તોની આસ્થા જોડાયેલી છે.ત્યારે છેલ્લા 10 દિવસથી કોઈ ફોલ્ટ ના કારણે ભંડારેશ્વર મહાદેવના મંદિરનો વીજ પુરવઠો ખોરવાયો છે.જે બાબતે મંદિરના પૂજારી દ્વારા છેલ્લા સાત દિવસથી ટેલીફોનીક શિનોર MGVCLમાં જાણ કરવામાં આવી છે.પરંતુ ત્યાંથી એક જવાબ મળી રહ્યો છે,કે આજે આવીએ,કાલે આવીએ.પણ ઓફિસમાં બેઠેલા અધિકારીઓને એ ક્યાં ખબર છે કે છેલ્લા 10 દિવસથી વીજ પુરવઠો ખોરવાયો છે.જેના કારણે અંધારપટ છવાયો હોય,ત્યાં રહેતા મંદિરના પૂજારી તેમજ ત્યાં જતાં દર્શનાર્થીઓને કેવી મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે.ત્યારે શિનોર MGVCL દ્વારા તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવે તેવી મંદિરના પૂજારી તેમજ ભાવિક ભક્તોમાં માંગ ઉઠવા પામી છે...



### શિનોર તાલુકાના કંજેઠા ગામના તલાટી કમ મંત્રીની બેદરકારીનો વિરોધ

## શિનોરના ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત કચેરીની તાળાબંધી કરવામાં આવી

**તલાટી** કમ મંત્રીની તાત્કાલિક ધોરણે બદલી કરવામાં આવે તેવી ગ્રામજનોએ લેખિતમાં રજૂઆત કરી હતી



(પ્રતિનિધી) શિનોર, તા.1

શિનોર તાલુકાના કંજેઠા ગામના તલાટી કમ મંત્રીની અનિયમિતતાથી કંટાળી ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત કચેરીની તાળાબંધી કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

સરકારની વિવિધ યોજનાઓની અમલવારી માટે તેમજ ગ્રામ્ય કક્ષાના લોકોના રોજબરોજના સરકારી કાર્યો માટે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી,પ્રજા અને સરકાર વચ્ચે કડી તરીકે અને સરકારના ગ્રામ્ય કક્ષાના પ્રતિનિધિ તરીકેની ખુબ જ અગત્યની ફરજ બજાવતા હોવાથીગ્રામ પંચાયત ખાતે સરકારી કામકાજના દિવસોમાં તેઓની પ્રત્યક્ષ હાજરી અંત્યત અનિવાર્ય છે.

ત્યારે શિનોર તાલુકાના કંજેઠા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દિવ્યરાજસિંહ રહેવર તેઓની ફરજ નિષ્ઠા સાથે નિભાવતા નથી અને ફરજ પર અનિયમિત રહે છે,જેને ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.ગ્રામજનો સાથે તલાટી કમ મંત્રી ઉધતાઈ ભર્યુ વર્તન કરે છે સહિતના વિવિધ આક્ષેપો કરી આજે ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત કચેરીને તાળાબંધી કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.અને ત્યારબાદ ગ્રામજનો શિનોર તાલુકા પંચાયત કચેરી ખાતે પહોંચી તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં અનિયમિત રહેતા તલાટી કમ મંત્રીની તાત્કાલિક ધોરણે બદલી કરવામાં આવે તેવી લેખિતમાં રજૂઆત કરાઈ હતી.

## ડભોઈમાં કુંભાર દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક ગરબીઓનુ ચલણ યથાવત

(પ્રતિનિધી) ડભોઇ, તા.1

નવલી નવરાત્રી પર્વને લઈ ડભોઇના ધર્મપ્રેમી અને ઉત્સવ પ્રેમી લોકોમા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રી પર્વ મા નગરમા વસતા કુંભારો ધ્વારા માટીમાથી બનાવેલી માઁ અંબાની મુર્તિઓ તેમજ કલાત્મક રંગબે રંગી ગરબી નવરાત્રી પર્વને લઈ બજાર મા વેચાણ અર્થે મુકવામા આવી છે. જ્યારે ડભોઈ સહિત ગ્રામ્ય વિસ્તારો અને આજુબાજુના તાલુકાઓમા પણ ગરબીઓનુ વેચાણ થઈ રહ્યુ છે. જેથી નવરાત્રી પર્વમા ધાર્મિક ભક્તિ સાથે માઁ અંબાના પર્વની શ્રધ્ધા અને ભક્તિભાવ પુર્વક ઉજવણી કરવાનો નગર અને પંથકના લોકો મા અનેરો ઉત્સાહ જો ડભોઇ નગર ના કુંભારવગા વિસ્તારમા વસતા કુંભારો પાછલા એક સપ્તાહથી નવરાત્રી પર્વને લઈ માતાજીની આરાધના માટે ગરબીઓ બનાવવાના કલાત્મક કારીગરીના કામોમા વ્યસ્ત થઈ પડ્યા છે. માટીમાથી સુંદર ગરબીઓ ,કોડીયા તેમજ કુલડી બનાવી તેના પર નક્શીકામ કરી ત્યારબાદ રૂંગબેરંગી કલર કામ કરી આકર્ષક ગરબીઓ તૈયાર કરાય છે.



## સંખેડામાં નવરાત્રિ માટે મેદાન તૈયાર કરવામાં આયોજકો વ્યસ્ત

(પ્રતિનિધી) સંખેડા, તા.1

સંખેડા અને બહાદરપુર ગામમાં ગરબા આયોજકો ખેલૈયાઓ માટે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે ત્યારે સંખેડા નું માં આદ્યશક્તિ ગ્રુપ દ્વારા આયોજીત ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કુલ ગરબા ગ્રાઉન્ડને રંગ બે રંગી રોશનીથી ડેકોરેશન કરવામાં આવી રહ્યું છે. નવરાત્રીના નવ દિવસ સુધી સંખેડામાં ગરબાની રમઝટ બોલાવશે. સંખેડામાં ડી.બી પારેખ સ્કૂલમાં ગ્રાઉન્ડમાં પણ નવરાત્રી પર્વમાં કોઈ કચાસ ના રહી જાય તેના માટે આયોજકો દ્વારા તમામ તૈયારીઓ પૂરજોશ માં ચાલી રહી છે. ત્યારે બરોડા થી આવેલ બ્રહ્મતરંગ ગરબા ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવશે. જેને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જેવા મળી રહ્યો છે.

### વાઘોડિયા પારુલ સેવાશ્રમ હોસ્પિટલ સામે વરસાદી કાંસમાં સીએનજી રિક્ષા ખાબકી



વાઘોડિયા : પારુલ હોસ્પીટલ સામે કોલેજના વિદ્યાર્થીઓ અને પેસેન્જરનો ફેરો કરવા આવેલ સીએનજી રીક્ષા યુનિવર્સિટી રોડ ઉપર વળાવવા જતા બેલેન્સ ગુમાવતા રિક્ષા રોડની સાઈડ ઉતરી જતા સમય સૂચકતા વાપરી રીક્ષા ચાલક કુદી પડ્યો હતો જેથી રીક્ષા સીધી જ વરસાદી કાસમાં જઈ પડી હતી. વરસાદી કાસમાં હાલ વરસાદી પાણી વધુ પ્રમાણમાં હોય રિક્ષા તણાઈ હતી. અને નાળા કારણે રિક્ષા પાણીના વહેણમાં તણાતા અટકી ગઈ હતી. ઘટનાના પગલે લોકોનાં ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા જોકે સીએનજી રીક્ષા ને કાસ માંથી બહાર કાઢવાની કામગીરી સ્થાનિકો ધ્વારા હાથ ધરી હતી.

## છોટાઉદેપુર જિલ્લામાં ૮ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.1

છોટાઉદેપુરની સ્પેશ્યલ પોકસો કોર્ટના ન્યાયાધીશ સી. કે. મુન્શી દ્વારા ૮ વર્ષની બાળકી સાથે બળાત્કાર તથા દુષ્કર્મ આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ખાંડીયા અમાદર ગામના સંજય સોનકા રાઠવા દ્વારા ગત તારીખ ૨૯/૦૩ /૨૦૨૧ ના રોજ પાવીજેતપુર તાલુકાના એક ગામની ૮ વર્ષની બાળકીને એકાંતમાં અવાવરું જગ્યાએ મકાઈ ના ખેતર માં ઊંચકી ને લઈ જઈ તેની ઉપર બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું હતુ. આ બનેલી ઘટના બાબતે બાળકીએ તેની માતાને જણાવતા સગીર બાળકીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે IPC ની કલમ 376 AB તેમજ જાતીય ગુનાઓથી રક્ષણ બાબત અધિનિયમ 2012 ની કલમ 4 તથા કલમ 8 એટલેકે પોકસો એકટ હેઠળ ગુનો નોંધી સદર આરોપી ને ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો. આ બનાવ અંગેનો કેસ છોટાઉદેપુર સ્પેશિયલ પોકસો કોર્ટ સમક્ષ ચાલી જતાં સદર કેસમાં ફરિયાદ પક્ષ તરફે 16 જેટલા દસ્તાવેજી પુરાવાઓ તથા 13 સાક્ષીઓની જુબાનીના રજૂ થયેલ આધાર પુરાવા બાબતે જિલ્લા સરકારી વકીલ સોનલબેન દેસાઈ દ્વારા કરાયેલ ધારદાર દલીલો ને સ્પે. પોક્સો કોર્ટના ન્યાયાધીશ ચિરાગ કિશોર મુન્શી દ્વારા ગ્રાહ્ય રાખવા માં આવેલ અને અંતમાં દુષ્કર્મ આચરનાર નરાધમ સંજય સોનકા રાઠવાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

જાતિય બાળ ગુનાહિત કૃત્ય આચરનાર લોકોમાં કાયદાનો ડર બેસાડવા સમાજમાં દાખલારૂપ હુકમ કરતાં ભોગબનનાર બાળકી ના પરિવારને સચોટ ન્યાય મળ્યો છે અને દોષિત આરોપી સંજય સોનકા રાઠવાને ૨૦ વર્ષ ની સખત કેદની સજા અને રૂપિયા ૨૫૦૦૦/- નો દંડ ફરમાવેલ છે તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ ની કલમ ૭ ના ગુન્હા સબબ તકસીરવાન ઠેરવી સદર અધિનિયમની કલમ ૮ અન્વયેના શિક્ષા પાત્ર ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૫,૦૦૦/- નો દંડ ફરમાવેલ છે અને આ બંને સજાઓ એક સાથે ભોગવવાનો હુકમ કર્યો છે.

## છોટાઉદેપુર નગરમાં નવરાત્રી પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.1

છોટાઉદેપુર નગરમાં નવરાત્રી પર્વ નિમિત્તે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જ્યારે ઘણી જગ્યાએ આખરી ઓપ આપી દેવાયો છે. જ્યારે નિર્મળ સોસાયટીમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં છોટાઉદેપુર ના 35 વર્ષ જુના આલાપ વૃંદના ગાયક કલાકાર મેહુલભાઈ પટેલ નગરજનોને ગમતા ગરબા ગાઈ ધૂમ મચાવશે.

**PUBLIC NOTICE**

Notice is hereby given that **Solanki Aryan Kumar Manishkumar Son of Manishkumar Kantibhai Solanki** applying to the Secretary to the Government of India in the Ministry of Home Affairs for naturalization and that any person who knows any reason why naturalization should not be granted should send a written signed statement of the facts to the said Secretary.

**Date: 24-09-2024, Vadodara.**